જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૯/૨૦૧૮ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૧૭૦ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૯/૧૮**

**સોલા હાઇકોર્ટ**ઃ ઉત્કર્ષભાઇ દિલીપભાઇ પટેલ (રહે, શુભલાભ સોસાયટી બેન્ક ઓફ બરોડા પાછળ સતાધાર સર્કલ પાસે થલતેજ) એ તા.૨૧/૦૯/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઉત્કર્ષભાઇની "જલારામ પ્રોજેકટસ પ્રા.લી" નામની કંપની (ઓફિસ: ૪૦૧ વિઠ્ઠલવીલા સતાધાર સર્કલ પાસે સોલા રોડ) ખાતે આરોપી (૧) અંશુલ વસિષ્ઠ (ડાયરેકટરઃ મે.સેટર્ન પ્રીફેબ ઇન્ડીયા પ્રા.લી ધાર, મધ્યપ્રદેશ) અને (૨) લોકેન્દ્રસિંહ કુશવાહ એન્જીનીયર મે.સેટર્ન પ્રીફેબ ઇન્ડીયા પ્રા.લી.ધાર,મધ્યપ્રદેશ) તથા પશ્ચિમ રેલ્વેના અધિકારી/માણસો તથા અન્યોએ ભેગા મળી તેઓની કંપની મે.સેટર્ન પ્રીફેબ ઇન્ડીયા પ્રા.લી RDSO એપ્રુવ નહિ હોવા છતાં એપપ્રુવ છે તેવુ ખોટુ સર્ટીફિકેટ બનાવી, ઉત્કર્ષભાઇની કંપની પાસેથી રેલ્વેનો બ્રીજ બનાવવા સારૂ લોંખડના ગર્ડર બનાવવાનો કોન્ટ્રાકટ કરી, કંપની પાસેથી રૂપિયા ૭૬,૦૦,૦૦૦/- આરોપીઓએ પોતાના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી વિશ્વાઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પોસઇશ્રી ડી.આર.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૦/૧૮**

**સેટેલાઇટ**ઃ ભાવીનભાઇ હર્ષદભાઇ ઠક્કર (રહે.સુમેરૂ બંગ્લોઝ રાજ્સુર્યા બંગ્લોઝ સામે રામદેવનગર સેટેલાઇટ) એ તા.૨૧/૯/૧૮ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૯/૧૮ કલાક ૧૦/૦૦ થી રાતના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના અને સિક્કા મળી કુલ રૂપિયા ૧,૯૮,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પોસઇશ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**એલીસબ્રીજઃ** સમીરભાર અનીલભાઈ પાખલીવાલા (રહે. બંગલા નંબર-૬, શુભમ નવયુગ સોસાયટી એસ.બી.આઈ ઝોનલ ઓફીસની ગલીમા આંબાવાડી એલીસબ્રીજ) એ તા.૨૧/૯/૧૮ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૧૮ સાંજના ૬/30 થી તા.૨૧/૦૯/૧૮ કલાક ૧૧/00 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૮0,000/- અને એક હિરાની બુટ્ટી કિમત રૂપિયા ૨0,000/- મળી કુલ રૂપિયા ૧,00,000/- મતાની તેમજ સમીરભાઇના માસી જ્યોત્સનાબહેનનો અસલ અમેરીકન પાસપોર્ટ, કેટલાક ડોલર તથા ક્રેડીટ કાર્ડ, અમેરીકન દેશનુ ડ્રાંઈવીંગ લાયસન્સ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.જેબલીયા ચલાવે છે.

**<u>ચોથા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૫૧/૧૮</u>**

**નિકોલઃ** નિકોલ સુપ્રેયા ટુ હોટલ સામે રિંગ રોડ કસ્તુરી પ્રાઇડ નવી બનતી સાઇટ ઉપર રહેતા અને કડીયા કામ કરતા બકાભાઇ છનાભાઇ નાયક (ઉ.વ.૩૫) તા.૨૧/૯/૧૮ સાજના ૬/30 વાગ્યાના સુમારે ચોથા માળે કામ કરતા હતા ત્યારે ચોથા માળેથી પટકાઈ જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે નિકોલ ખોડીયાર હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાવજીભાઇ રુમાજી ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૫૨/૧૮</u>**

**કાગડાપીઠઃ** નાથીબહેન વાલજીભાઇ શીણોલ (ઉ.વ.૯0) (રહે. ભારતનગર ચોર્યાસીની ચાલી છીપા કબ્રસ્તાન સામે ગીતા મંદીર રોડ) તા.૨૧/૯/૧૮ કલાક ૧૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે દીવો કરતા હતા ત્યારે પહેરેલ કપડાને દીવાની ઝાળ લાગતા દાઝી જતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૫૩/૧૮</u>**

**શાહીબાગઃ** ઓમપ્રકાશ રામચંદ્રભાઇ સોનગરા (ઉ.વ.૫૫) (રહે. સાંકડી ગલી નવા અસારવા) એ અગમ્ય કારણસર તા.૨૧/૯/૧૮ સાજના ૬/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશોકભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** સુનિલભાઇ રમેશભાઇ ચૌહાણ (ઉ.વ.૪0) (રહે. ફદેલીવાસ આઝાદ ચોક પાસે સૈજપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૯/૧૮ સાજના ૭/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેન્દ્રસિંહ લાલસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.